| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૯–૦૬–૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :: | ૦૯–૦૬–૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | :: | ૧૨–૦૩–૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૯ | ૦૩ |

મે. કઠલાલના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

ક્રિમીનલ પરચુરણ અરજી નં.૯૪/૨૦૨૨

આંકઃ–

અરજદારઃ– જીગીશાબેન તે વિષ્ણુભાઈ માધાભાઈ પંચાલની દિકરી
ઉ.વ.આ.૨૧, ધંધો–ઘરકામ,
હાલ રહે.બી–૧૪, લાભ બંગ્લોઝ સોસાયટી,
સહારા સ્કુલની સામે, મુ.તા.કઠલાલ, જી.ખેડા.
મુળ રહે.ઠે.શક્તિનગર સોસાયટી,
ગોપાલપુરા, મુ.તા.કપડવંજ.

વિરૂધ્ધ

સામાવાળાઓઃ–
૧. તેજસકુમાર સંજયભાઈ પંચાલ (પતિ)
ઉ.વ.આ.૨૧, ધંધો–નોકરી,
૨. સંજયભાઈ પ્રવિણભાઈ પંચાલ (સસરા)
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–નોકરી,
૩. શીતલબેન સંજયભાઈ પંચાલ (સાસુ)
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ,
૪. અપુર્વ સંજયભાઈ પંચાલ (દીયર)
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–અભ્યાસ,
તમામ રહે.ઠે.૨૧, શ્રધ્ધાનગર,
જુના ડુમરાલ રોડ, મુ.તા.નડીઆદ,
જી.ખેડા–નડીઆદ.

બાબતઃ– <u>ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ની કલમ–૧૨, ૧૮, ૧૯, ૨૦, ૨૨ તથા ૨૬ મુજબ ફરીયાદ હેઠળ હુકમ</u>

---

**અરજદાર તરફે વિ.વ. કે. આર. ડાભી**

**સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી બી. એ. પટેલ**

---

**૧.** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓનું લગ્ન આ કામના સામાવાળા સાથે તા.૧૬-૨-૨૦૨૧ના રોજ તેઓની જ્ઞાતિના રીત રિવાજ મુજબ તથા હિન્દુશાસ્ત્રોકત વિધીથી ગોપાલપુરા, તા.કપડવંજ મુકામે થયેલા છે અને ત્યારથી સામાવાળા તેઓના કાયદેસરના પરણેતર પતિ થાય છે. લગ્ન વખતે તેઓના પિયરપક્ષ તરફથી ઘરવખરીનો સામાન તેમજ સોના ચાંદીના દાગીના તેમજ સામાવાળાને સોનાની ચેઈન તથા સોનાની વીંટી નંગ-૧ તથા કાંડા ઘડિયાળ આપવામાં આવેલ અને તે તમામ ચીજવસ્તુઓ સામાવાળાને ત્યાં છે અને સામાવાળા તરફથી તેઓને કાંઈ આપવામાં આવેલ ન હતું. વધુમાં તેઓના લગ્ન બાદ તરત જ આણું કરેલ અને સામાવાળા આણું કરીને તેઓને તેડી ગયેલા અને તેઓ સામાવાળાના ઘરે રહી લગ્ન જીવનના તમામ હક્કો અને ફરજો શાંતિથી અદા કરતા હતા. લગ્ન જીવન બાદ થોડા દિવસો તેઓનો ઘર સંસાર સારૂ ચાલેલ. પરંતુ ત્યારબાદ સામાવાળાનું વર્તન તેઓ પ્રત્યે બદલાયેલુ અને તેઓ તેણીને ગમાડતા નહીં તેમજ અવાર નવાર મેહણા ટોણા મારતા હતા કે તારા બાપે દહેજમાં કંઈ આપ્યુ જ નથી, મારે તને રાખવી નથી, તુ મને ગમતી નથી, તેમજ તેઓને મેહણા ટોણા મારી માનસિક તેમજ શારિરીક ત્રાસ આપી કાઢી મુકતા હતા. તેમજ તેમના સાસુ સસરા તથા દીયરનાઓ પણ સામાવાળાને તેઓની વિરૂધ્ધ ચઢવણી કરતા હતા અને સામાવાળા તેમની ચઢવણીએ ચઢી તેઓને કાઢી મુકતા હતા અને જણાવતા હતા કે તારા બાપાએ દહેજમાં કશુ આપ્યુ નથી, અને જો અહીંયા રહેવું હોય તો તારા બાપને ત્યાંથી રૂા.૫,૦૦,૦૦૦/- લઈ આવ. જેથી તેઓએ સામાવાળાને તેઓની આર્થિક સ્થિતિ સારી ન હોઈ આટલી મોટી રકમ કયાંથી લાવે તેમ જણાવતા સામાવાળા તેઓની ઉપર ઉશ્કેરાઈ જઈ તેઓને ત્રાસ આપી કાઢી મુકતા હતા.પરંતુ દર વખતે તેમના માતા પિતા તેઓને સમજાવીને પાછા મુકી આવતા હતા અને તેઓના ઘરસંસાર ન બગડે તેવા શુભ આશયે સામાવાળાનો તમામ ત્રાસ સહન કરીને રહેતા હતા.

સામાવાળા તેઓને શારિરીક, માનસિક ત્રાસ આપતા હતા અને તેઓની ઉપર ખોટા ખોટા વહેમ રાખતા અને મારઝુડ કરતા હતા.અરજદારને હોસ્પીટલ કે બહાર ખરીદી માટે બજારમાં જવું હોય તો પણ તેઓની ઉપર વહેમ રાખી વોચ રાખતા હતા અને તેમના પિયર ફોન કરીએ તો પણ તેમની વોચ રાખી તેમના ઉપર ખોટા ખોટા આક્ષેપો કરી તે બીજા કોઈને ફોન કરે છે તેમ જણાવી તેઓને માર ઝુડ કરવાનું ચાલુ કરી દેતા અને સામાવાળા બીજા કોઈની સાથે આડા સંબંધો હોઈ તેઓને ગમાડતા ન હોઈ અને તેમની પાસે અવાર નવાર છુટાછેડાની માંગણી કરતા હોઈ ચેન કેન પ્રકારે તેમની ઉપર દોષો ઢોળી આક્ષેપો કરી તેઓને શારિરીક, માનસિક ત્રાસ આપતા ત્યારબાદ તા.૧૨-૫-૨૦૨૨ના રોજ આ કામના સામાવાળા તથા તેમના કુટુંબીજનોએ એકબીજાના મેળાપીપણામાં તેઓની ઉપર ખોટા ખોટા આક્ષેપો કરી દહેજની માંગણી કરી મારઝુડ કરેલી. તેમના માતા પિતા સાથે અણછાજતુ વર્તન કરી ગંદી બિભત્સ ગાળો બોલી તેઓને જણાવેલ કે છુટાછેડાના કાગળ તૈયાર કરી મોકલી આપીશુ, સહીઓ કરી દેજો તેમ જણાવી તેઓને તથા તેમના માતા પિતાને ઘરમાંથી કાઢી મુકી તેઓને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલા ત્યારથી તેઓ તેમના પિયર તેમના માતા પિતા સાથે આવેલા અને ત્યાંથી તેઓ હાલ તેમના મામાના ઘરે કઠલાલ મુકામે ઓશીયાળુ જીવન ગુજારે છે, તેઓ નો અભ્યાસ ચાલુ છે, પરંતુ તેઓને કોઈ હુન્નર ઉદ્યોગ કામ ધંધો આવડતો નથી કે તેઓને કોઈ આવકનું સ્વતંત્ર સાધન નથી કે તેઓ જાતે કમાઈને તેમનું ભરણપોષણ કરી શકે તેમ નથી. હાલ તેમનું ભરણપોષણ તેમના મામા કરે છે, તેઓ કાયમ માટે તેમનું કાયમ માટે ભરણપોષણ કરી શકે તેમ નથી અને સામાવાળાઓએ તેઓને છેલ્લે કાઢી મુક્યા બાદ તેમના ભરણપોષણની કોઈ જ વ્યવસ્થા કરેલ નથી અને હાલ તેઓ તેમના મામાના ઘરે કઠલાલ મુકામે ઓશીયાળુ જીવન ગુજારે છે અને તેઓ આ કામના સામાવાળા તથા તેમના માતા-પિતા તથા ભાઈઓ વિરૂધ્ધ ફરીયાદ પણ આપેલી છે

વધુમાં અરજદારની રજુઆત છે કે, સામાવાળાએ ડીગ્રી એન્જીનીયરીંગનો અભ્યાસ કરેલ છે અને તેઓ અમદાવાદ મુકામે પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે અને માસિક રૂા.૨૫,૦૦૦/- પગાર મેળવે છે અને

તેમજ તેઓને નડીઆદ મુકામે બે માળનું એક પાકું મકાન આવેલ છે તથા તેઓ બિલોદરા મુકામે દસ વીઘા ખેતીની પિયત જમીન ધરાવે છે અને તેમાં ત્રણ સીઝન પાક પકવી વાર્ષિક રૂા.૫,૦૦,૦૦૦/– કમાય છે. આ કામના સામાવાળા તેઓની ઉપરોકત આવકના તમામ સાધનોમાંથી વાર્ષિક રૂા.૮,૦૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે તેમજ સામાવાળા તેમજ સામાવાળાના પિતા બી.એસ.એન.એલ.માં સરકારી નોકરી કરે છે અને તેઓનો માસિક રૂા.૭૦,૦૦૦/– જેટલો પગાર મેળવે છે. આમ સામાવાળા સાધન સંપન્ને અને સુખી માણસો છે અને તેઓનું ભરણપોષણ કરવા હરેક રીતે સક્ષમ છે. સામાવાળાને તેઓ સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી.

વધુમાં અરજદારે દાદ માંગેલ છે કે, સામાવાળાનાઓએ તેઓને મારઝુડ કરી પહેરેલ કપડે કાઢી મુકેલ અને તેઓની સાથે ઝગડો કરી શારિરીક, માનસિક ત્રાસ આપી તેમનું તમામ સ્ત્રી ધન સામાવાળા નં.૧નાઓએ કબજે કરી તેઓને કાઢી મુકેલ હોઈ તમામ સ્ત્રી ધન ચીજવસ્તુઓ દર–દાગીના તેઓને પરત અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં સામાવાળાનાઓએ તેઓને કાઢી મુક્યા બાદ આજદિન સુધી રહેઠાણની કોઈ જ વ્યવસ્થા કરેલ ન હોઈ જેથી તેઓને રહેઠાણની વ્યવસ્થા કરી આપે અને જે મિલકતમાં તેઓ રહે છે તે મધ્યે સામાવાળા નાઓ કે અન્ય કોઈ ઈસમો કે ત્રાહિત એજન્ટો દ્વારા કોઈ હેલો હરકત અટકાવ કે કોઈ શારિરીક માનસિક ત્રાસ કે હુમલો કરે કરાવે નહીં તે માટે જરૂરી બંદોબસ્ત કરી આપવા જરૂરી પ્રોટેકશન પુરૂ પાડવા હુકમ કરવા અરજ છે.

વધુમાં સામાવાળા નાઓથી જાનમાલની સલામતી અને સુરક્ષાનો આદેશ આપવા તથા સામાવાળા નં.૧ ની પાસેથી અલાયદુ વસવાટ માટે મકાનની વ્યવસ્થા પુરી પાડવા વિકલ્પે સામાજીક મોભા મુજબ મકાન ભાડાના માસિક રૂા.૧૦,૦૦૦/– ચુકવી આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં અરજદારે કાયદાની કલમ–૨૦ હેઠળ આર્થિક અને ઘર ખર્ચના માસિક રૂા.૨૦,૦૦૦/– તેમજ કલમ–૨૨ હેઠળ માનસિક ત્રાસ વળતરના

રૂા.૫,૦૦,૦૦૦/– પુરા સામાવાળાઓ પાસેથી અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે. વધુમાં કલમ–૨૩ હેઠળ વચગાળાના ભરણપોષણ માટે માસિક રૂા.૧૦,૦૦૦/– આ કામના સામાવાળાઓ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**૨.** ઉપર મુજબની અરજદારની અરજીના તમામ પાસાઓ તપાસીને પ્રોટેકશન ઓફીસરશ્રીએ અરજદારનું નિવેદન નોંધી તેમનો નિયત નમુનામાં વિગતો સાથે આંક–૪ થી રીપોર્ટ રજુ કરેલ છે.

**3.** સામાવાળાએ આંક–૧૮ થી લેખિત જવાબ રજુ કરી અરજદારની અરજીમાં જણાવેલ હકીકતો મહદઅંશે નકારી કાઢતા જણાવેલ છે. આવી અરજી કરવા અરજદારને કાયદામાં કોઈ હક્ક નથી અને અરજદારની અરજીમાં જણાવેલી હકીકતો સાચી નથી અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે અને અરજદારની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળા સત્ય હકીકત જણાવે છે કે, તેઓના લગ્ન અરજદાર સાથે તા.૧૬–૨–૨૧ના રોજ કપડવંજ મુકામે હિન્દુ શાસ્ત્રોકત વિધિ અનુસાર થયેલા. તેઓ તરફથી અરજદારને સોનાનો સેટ તથા ત્રણ તોલાનું મંગળસુત્ર, ચાંદીના છડા તથા સોનાનો બે તોલાની ચેઈન તથા સોનાની બે બંગડી તેમજ બે સોનાની વીંટીઓ આપેલી. વધુમાં લગ્ન બાદ તેઓના હકો અરજદાર સાથે સારી રીતે ભોગવતા હતા અને તેઓ અરજદારની ઈચ્છા અને માંગણી મુજબનું વર્તન વ્યવહાર રાખતા હતા અને સુખ અને શાંતીપુર્ણ સાદગીભર્યુ જીવન જીવતા હતા. આ કામના અરજદાર જીદી સ્વભાવના અને તેઓનું ધાર્યુ કરતા હોઈ અને તેઓને મનમરજી મુજબ જીવતા હતા અને અરજદાર સ્વચ્છંદી અને સ્વભાવના હોઈ તેઓ સાથે વારંવાર નાની નાની બાબતોમાં ઝગડાઓ કરી માનસિક ત્રાસ આપતા હતા અરજદાર વારંવાર ઘરમાં ઝગડો કરી તેઓને તેમજ તેમના માતા પિતાને ગમે તેમ અપશબ્દો બોલી ઘરનું કામકાજ કરવા બાબતે રોજ ઝગડાઓ કરી તેઓને માનસિક ત્રાસ આપતા હતા. વધુમાં અરજદાર તેઓના માતા પિતાની સંમતિ સિવાય ત્રણ–ત્રણ વખતે તેઓની સાથે કોઈપણ જાતના વાંક ગુના વખત ઝગડો કરી પિયરે સ્વેચ્છાએ જતા રહેલા અને તેઓને લગ્નજીવનના હકો ભોગવવા વિનંતી કરેલી અને અરજદાર જાતે સમાધાન કરી તેઓના ઘરે આવી ગયેલા. વધુમાં અરજદાર રૂમનું બારણુ

બંધ કરી કલાકો સુધી મોબાઈલ ફોન ઉપર અજાણ્યા વ્યકિત સાથે વાતો કર્યા કરતા હતા અને એક દિવસ આવી વાતો કરતા પકડાઈ જતા અરજદારે તેઓની પાસે માફી પણ માંગેલ અને કહેલ કે હવે પછી હું તમોને હેરાન પરેશાન નહીં કરૂ અને ફોન પર વાતો પણ કરીશ નહીં અને સારી રીતે રહેવાનું તેઓને કહેતા તેઓએ અરજદારને ઘરે જ રાખેલા. વધુમાં તેઓ બહાર ગયેલા તે વખતે અરજદારના માતા પિતા નડીઆદ આવેલા અને તેઓની સંમતિ વિના અરજદાર તેઓના માતા પિતા સાથે કપડવંજ મુકામે જતા રહેલા અને જતા જતા અરજદારે જણાવેલ કે તેઓને અહીંયા રહેવું નથી અને તેઓને છુટાછેડા લેવા છે તેઓ કદાપી અહી આવવાના નથી તેવું જણાવેલ. વધુમાં અરજદાર તેઓના માતા પિતા સાથે જયારે કપડવંજ મુકામે જવાના હતા ત્યારે અરજદારના પિતા જે ગાડી લઈને આવેલા તેમાં અરજદારે તેઓના તમામ કપડા લત્તા તેમજ દર દાગીના અને તેઓએ લગ્ન સમયે આપેલા સોના ચાંદીના દર દાગીના તમામ વસ્તુઓ બેગમાં ભરીને સાથે લઈ ગયેલા તથા તેઓના ઘરે અરજદારે તેઓની કોઈ ચીજવસ્તુઓ રહેવા દીધેલ નથી. અરજદાર તેઓ તથા તેમના કુટુંબીજનો સાથે વારંવાર ઝગડા કરી ખોટી ખોટી ચીજવસ્તુઓની માંગણી કરી માનસિક ત્રાસ આપતા હતા અને વારંવાર માફી માંગતા હતા અને તેઓની તમામ ભુલોને માફ કરતા હતા અને હાલમાં પણ તેઓને અરજદાર સાથે રાખવા ખુશી છે. વધુમાં અરજદારે તા.૨૭–૫–૨૦૨૨ના રોજ કઠલાલ પોલીસ સ્ટેશનમાં તેઓ ઉપર દહેજની માંગણી કરેલાની ખોટી ફરીયાદ આપેલી તેમાં પક્ષકારોને બોલાવેલ અને સમાધાન કરાવેલ. તેમાં અરજદારે તા.૨–૬–૨૨ના રોજ પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ કે તેઓએ આ કામના તમામ સામાવાળાઓ વિરૂધ્ધ અરજી કરેલ છે તેમાં બન્ને પક્ષો ભેગા થતા અરજદારે આપેલ અસલ અરજી તથા અસલ દસ્તાવેજો મળી ગયેલ છે તેમજ તેમના લગ્ન વખતે આપેલ સ્ત્રીધન તથા તેમના લગ્ન વખતે તેમના પિયરપક્ષ તરફથી આપેલ સરસામાન પરત આપવાની શરતે નક્કી કરેલ, જેથી તેઓએ આપેલ અરજી બાબતે પોલીસ સ્ટેશન તરફથી સામાવાળાનાઓ વિરૂધ્ધમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અરજદારે આપેલ અરજી દફતરે ફાઈલ કરવા વિનંતી છે. વધુમાં સામાવાળાની રજુઆત છે કે, અરજદારે તેઓના પેરામાં માંગેલ

તમામ દાદ રદ કરવા એટલે નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૪.** અરજદારની અરજીના સમર્થનમાં અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>અરજદારનો મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | અરજદાર જીગીશાબેન તે વિષ્ણુભાઈ માધાભાઈ પંચાલની દીકરી તે તેજશકુમાર સંજયભાઈ પંચાલની પત્નીનું સરતપાસનું સોગંદનામું | ૩૨ |

**<u>અરજદારનો દસ્તાવેજી પુરાવો</u>**

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | અરજદારે સ્ત્રીધન પરત મેળવા મહિલા પોલીસ સ્ટેશન નડીઆદ ખાતે આપેલ અરજીની સહી સિક્કાવાળી નકલ તા.૪–૬–૨૦૨૫ | ૪૬ |
| ૨ | મહિલા પોલીસ સ્ટેશને અરજદારનો લીધેલ જવાબની સહી સિક્કાવાળી નકલ તા.૯–૬–૨૦૨૫ | ૪૭ |
| ૩ | મહિલા પોલીસ સ્ટેશને સામાવાળાના લીધેલ જવાબની સહી સિક્કાવાળી નકલ તા.૯–૬–૨૦૨૫ | ૪૮ |

અરજદાર તરફે વધુ પુરાવો રજુ કરવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૪૯ થી રજુ કરેલ છે.

**૫.** સામાવાળા તરફે તેઓના જવાબના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ થયેલ છે.

**<u>સામાવાળાનો મૌખિક પુરાવો</u>**

| **ક્રમ** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સામાવાળા તેજસકુમાર સંજયભાઈ પંચાલનું સરતપાસનું સોગંદનામું | ૫૦ |
| ૨ | સામાવાળા તેજસકુમાર સંજયભાઈ પંચાલનું મિલકત અને આવક અંગેનું સોગંદનામું | ૫૧ |

સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી

અને વધુ પુરાવો રજુ કરવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૫૩ થી રજુ કરેલ છે.

**૬.** ત્યારબાદ આ કામ દલીલોના તબક્કે રહેતા અરજદાર તરફે મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, આ કામના અરજદારનો સામાવાળાએ કોઈપણ વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે. અરજદારને શારીરીક તથા માનસિક ત્રાસ વારંવાર આપવામાં આવતો હોય જેથી અરજદાર સામાવાળાઓનો ઘર ત્યાગ કરી તેઓના પિયર રહેવા માટે આવી ગયેલ હતા. આ કામના સામાવાળાઓ ધ્વારા તેઓને તેડી લઈ જવા માટે આજદિન સુધી કોઈ પ્રયત્ન કરેલ નહીં. આ કામના અરજદાર વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી સમાજમાં તેઓને બદનામ કરી માનસિક રીતે તેઓને ટોર્ચર કરેલ છે. અરજદાર ઘરે આવેલ તે દિવસથી આજદિન સુધી સામાવાળા તરફે તેઓના ભરણપોષણ પેટે કોઈ તકેદારી રાખેલ નથી કે અરજદારની કોઈ સારસંભાળ પણ રાખવામાં આવેલ નથી. અરજદાર દ્વારા લગ્ન સમયે આપવામાં આવેલ સ્ત્રીધન સામાવાળાના કબ્જામાં છે જે સ્ત્રીધનની માંગણી કરતા સામાવાળાઓ દ્વારા પરત આપવામાં આવેલ નથી, જેથી નામદાર કોર્ટ યોગ્ય શરતોને આધિન તે સ્ત્રીધન પરત અપાવવા રજુઆત કરેલ છે. આમ આ કામના સામાવાળાઓ દ્વારા અરજદારને શારીરીક તેમજ માનસિક ત્રાસ આપેલ હોવાનું રેકર્ડ પર આવેલ પુરાવાથી પુરવાર થતું હોય આ કામના સામાવાળાઓ પાસે અરજીમાં માંગવામાં આવેલ તમામ દાદ મુજબનો હુકમ કરવા રજુઆત કરેલ છે અને સામાવાળા તરફે આંક–૫૭ થી લેખિત દલીલો રજુ કરેલ અને જે તમામની આગળ પુરાવામાં ચર્ચા કરેલ હોવાથી તેનું બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે માટે અહીં વિશેષ ચર્ચા કરવામાં આવેલ નથી.

**૭.** આ કામે રેકર્ડ પરનો પુરાવો તથા ઉભયપક્ષની દલીલો તથા ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા અધિનિયમની જોગવાઈ ધ્યાને લેતા, સદરહું અરજીના ન્યાય–નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

## <u>મુદ્દાઓ</u>

**૧. શું અરજદાર પુરવાર કરે છે કે, ડો. વા. એકટ મુજબ આ કામના સામાવાળાઓએ તેઓને માનસિક અને શારિરીક ત્રાસ આપેલ છે. ?**

**૨. શું અરજદાર પુરવાર કરે છે કે, ડો.વા.એકટની કલમ–૧૮ મુજબ અરજદાર સામાવાળાઓથી રક્ષણનો હુકમ મેળવવા હક્કદાર છે ?**

**૩. શું અરજદાર પુરવાર કરે છે કે, ડો.વા.એકટની કલમ–૧૯ મુજબ અરજદાર ભાડાના મકાન પેટે રકમ મેળવવા હક્કદાર છે ?**

**૪. શું અરજદાર પુરવાર કરે છે કે, ડો.વા.એકટની કલમ–૨૦ મુજબ અરજદારને માસિક રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પુરા માસિક ભરણપોષણ પેટે આપવાનો હુકમ કરવો જરૂરી છે ?**

**૫. શું અરજદાર પુરવાર કરે છે કે, ડો.વા.એકટની કલમ–૨૨ મુજબ અરજદારને શારિરીક, માનસિક ત્રાસ પેટેના રૂા.૫,૦૦,૦૦૦/– અપાવતો હુકમ કરવો જરૂરી છે ?**

**૬. શું હુકમ ?**

**<u>(૮). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.</u>**

**૧. હકારમાં**

**૨. નકારમાં**

**૩. રહેઠાણ ભાડાના માસિક રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) (આ હુકમ તારીખથી)**

**૪. અંશતઃહકારમાં, અરજદારને માસિક રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) ભરણપોષણના મેળવવા હક્કદાર છે.**

**૫. અંશતઃ હકારમાં**

**૬. આખરી હુકમ મુજબ.**

**<u>કારણો</u>**

**૯. <u>મુદ્દા નં.૧ અંગેઃ–</u>**

**(૯.૧)** આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતા, આ કામના અરજદાર પ્રત્યે સામાવાળાઓ દ્વારા ઘરેલું હિંસા આચરવામાં આવેલ છે કે કેમ ? તે અંગે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન "કૌટુંબિક હિંસા" ના કાયદાનો હેતુ તથા તે કાયદાની કલમ–૩માં આપવામાં આવેલ કૌટુંબિક હિંસા અંગેની વ્યાખ્યા ઘ્યાને લઈ, કરવામાં આવે તો, આ કાયદાનો હેતુ ભોગ બનનાર સ્ત્રી (વ્યથિત પક્ષકાર)ને તેના કુટુંબ તરફથી આચરવામાં આવતી કોઈપણ

જાતની હિંસાથી, તેને લગતી કોઈપણ બાબતે બંધારણ દ્વારા તેને આપવામાં આવેલ હક્કોનું વધુ સચોટ રીતે રક્ષણ કરવાનું છે. તે સંજોગોમાં, સદરહું કાયદાનો હેતુ તથા "કૌટુંબિક હિંસા" ના કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું સમગ્ર પણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે અરજદાર જીગીશાબેન તે વિષ્ણુભાઈ માધાભાઈ પંચાલની દીકરી તે તેજસકુમાર સંજયભાઈ પંચાલની પત્નીનો પુરાવો આંક-૩૨ થી રજુ થયેલ છે. જેમાં તેઓએ આંક-૧ની અરજીને અનુરૂપ પુરાવો આપેલ છે, જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની વિસ્તૃત ચર્ચા અત્રે ટાળવામાં આવે છે.

સામાવાળા તરફે અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, તેઓએ તા.૨૭-૫-૨૦૨૨ના રોજ કઠલાલ પોલીસ સ્ટેશનમાં એક અરજી કરેલી અને તે અરજીમાં તેઓએ સમાધાન કરી લીધેલ તથા તેઓએ તેમનું સ્ત્રીધન મેળવવા માટે નડીઆદ મહિલા પોલીસ સ્ટેશનમાં તા.૧-૬-૨૦૨૨ના રોજ એક અરજી આપેલી તથા કઠલાલ પોલીસ સ્ટેશનમાં જે અરજી આપેલી તેમાં પોલીસ રૂબરૂ તેમનું નિવેદન લીધેલું અને તેમાં સ્ત્રીધન મળી ગયેલ હોય સમાધાન થઈ ગયેલ હોય તેમ લખાવેલું. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, તેઓની કોર્ટ રૂબરૂની ફરીયાદમાં એવું જણાવેલ છે કે, સામાવાળાની સંમતિ વગર ત્રણ વખત તેમના પિયર જતી રહેલી તથા ત્યારબાદ સામાવાળા તેઓને તેમના પિયરે તેડવા માટે આવેલા તથા સમાધાન કરીને તેઓને સામાવાળા તેડી ગયેલા તથા તેઓ સામાવાળાને ઘરે રહેતી હતી ત્યારે રૂમનો દરવાજો બંધ કરીને કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે વાત કરતી હતી તથા એક દિવસ તેઓ બીજા વ્યક્તિ સાથે વાત કરતા પકડાઈ ગયેલ અને તેઓએ સામાવાળાની પાસે માફી માંગેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ સાસરીમાં હતી ત્યારે તેમના માતા પિતા તેઓને મળવા આવેલા. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, તેમના માતા પિતા તેઓને મળવા આવેલા ત્યારે તેઓ તેમની સાથે તેમના પિયર જતી રહેલી તથા તેમના માતા પિતા તેમની સાસરીમાં આવેલા ત્યારે તેઓએ તેમના સસરા તથા માતા પિતા સામે સામાવાળા સાથે રહેવું નથી અને છુટાછેડા લેવા છે તેવું જણાવેલું તે સમયે તેઓ તેમના માતા પિતા સાથે તેમના તમામ દરદાગીના લઈને તેમના પિયર

જતી રહેલી. તેઓ જણાવે છે કે, હાલ તેઓ તેમના મામાના ઘરે રહે છે. તેઓએ બીએડ સુધીનો અભ્યાસ કરેલ છે તથા તેઓ પ્રયત્ન કરે તો તેઓને નોકરી મળી શકે તેમ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આ કામના સામાવાળા સામે ફેમીલી કોર્ટ કપડવંજ ખાતે ક્રિ.પ્રા.અ. નં.૨૭૦/૨૦૨૪ થી ભરણપોષણની અરજી કરેલ છે તેમાં તેઓની જુબાની થઈ ગયેલ છે. તેઓ જણાવે છે કે, તેમના લગ્ન બાદ તેઓ એક વર્ષ તેમની સાસરીમાં રહેલ. તે એક વર્ષ દરમ્યાન તેઓને કોઈ તકરાર થયેલ નહીં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ ફોન કરીને તેમના માતા પિતાને બોલાવેલા અને તેમની સાથે ગયેલા. તેઓ જણાવે છે કે, તેઓને તેડી જવા માટે સામાવાળાને તેમના તરફથી કોઈ વડીલને મોકલેલ હોય તેવું બનેલ નહીં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓને સામાવાળાને ત્યાં જવુ ન હતું. તેઓ જણાવે છે કે, તેમના કરીયાવરમાં આપેલ સોનાચાંદીના ઘરેણાઓનું બીલ તેમની પાસે છે તે રજુ કરવા ખુશી છે. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, તેઓ સામાવાળાને ત્યાં ખાવાનું પણ બનાવતા ન હતા અને કામ પણ કરતા ન હતા તથા સામાવાળાના ઘરે ન હોય ત્યારે સામાવાળાની પરવાનગી વગર તેઓ તેમના પિયર જતી રહેતી હતી તથા સાસરીમાં તેઓ રૂમનો દરવાજો બંધ કરી અજાણ્યા માણસ સાથે ફોન ઉપર વાત કરતી હતી તથા ફોન ઉપર વાતો કરતા તેઓ પકડાઈ જતા તેઓએ માફી માંગેલી તથા સામાવાળાના ઘરેથી નીકળેલ ત્યારે તેઓએ કહેલ કે તેઓને ઘરમાં રહેવું નથી, તેઓને છુટાછેડા લેવા છે તથા તેમના પિતા તેઓને લેવા આવ્યા ત્યારે તેઓ તેમની સાથે કપડાની બેગ અને દાગીના જોડે લઈ ગયેલ. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સામાવાળા વિરૂધ્ધ તેઓએ કઠલાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. તેઓને સવાલ પુછવામાં આવે છે કે, સામાવાળા તમોને તેડી જઈ લઈ જવા માટે તૈયાર છે તથા કોઈ જામીન તરીકે કોઈ વ્યક્તિને મુકીને સાસરીએ જવા માટે તમો જવા ખુશી છો ? તેના જવાબમાં તેઓ ના જણાવે છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના સામાવાળાએ નડીઆદ ફેમીલી કોર્ટમાં તેઓને તેડી જવા માટે ફેમીલી સ્યુટ નં.૧૨૯/૨૦૨૨ થી દાવો કરેલ છે અને તે હાલ પેન્ડીંગ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ ઘરે સીવણમાં કામ કરે છે અને મહિને

રૂપિયા ત્રણ હજાર જેટલું કમાય છે. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, તેઓને કોઈ રોગ નથી, તેઓ તંદુરસ્ત છે તથા તેઓ ભણેલ હોય કમાવવા માટે સક્ષમ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ અરજીમાં જણાવેલ તમામ હકીકતો ખોટી છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક-૩૨ વાળા સોગંદનામામાં તેઓએ તેમનું સરનામું કપડવંજનું પણ બતાવેલ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ કામના સામાવાળાએ તેઓને કાઢી મુકેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, માસિક તેમના ખર્ચનો હિસાબ તેઓએ રજુ કરેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ કામના સામાવાળાને હેરાન કરવા માટે હાલની ખોટી અરજી કરેલ છે. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, ફેમીલી સ્યુટ નં.૧૨૯/૨૦૨૨માં વચગાળાના ભરણપોષણની અરજીમાં ભરણપોષણ પેટે રૂા.૨૫૦૦/- નો હુકમ થયેલ છે અને અત્યાર સુધીની રકમ મળી ગયેલ છે તથા આ કામના સામાવાળા માસિક રૂા.૨૫૦૦૦/- પગાર મેળવે છે તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી તથા સામાવાળા બે માળનું મકાન ધરાવે છે તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી તેમજ સામાવાળાને ૧૦ વીઘા જમીન ધરાવે છે તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી તથા સામાવાળા વાર્ષિક રૂપિયા આઠ લાખ કમાય છે તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, હાલની ખોટી અરજી કરેલ છે.

**૧૦.** સદર કામે આંક-૫૦ થી સામાવાળા તેજસકુમાર સંજયભાઈ પંચાલે સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે, જેમાં તેઓએ આંક-૧૮ થી રજુ થયેલ જવાબની હકીકતને સમર્થન કરેલ છે, જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવતી નથી. ટુંકમાં સામાવાળાએ તેઓની આંક-૫૦ની એફીડેવીટમાં તેઓએ આંક-૧૮ થી રજુ થયેલ જવાબની હકીકતને સમર્થન કરેલ છે.

અરજદાર તરફે સામાવાળાની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, આ કામના અરજદાર સાથે તેમના તા.૧૬-૨-૨૦૨૧ના રોજ હિન્દુ રીત રીવાજ મુજબ લગ્ન થયેલા તથા આ કામના અરજદાર તરફે લગ્ન સમયે વાસણકુશળ, વસ્તુઓ વિગેરે આપવામાં આવેલા તથા આ લગ્ન સમયે આપવામાં આવેલ ચીજવસ્તુઓ હાલ તેઓની પાસે છે

તથા લગ્ન બાદ અરજદાર તેમના ઘરે રહેવા આવેલા તથા શરૂઆતમાં લગ્ન જીવન સારી રીતે ચાલતું હતું. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, તેઓ અને તેમના માતા પિતા અરજદારને મેણાટોણા મારતા હતા અને શારિરીક અને માનસિક ત્રાસ આપતા હતા તથા વારંવાર અરજદારના પિયરમાંથી પૈસાની માંગણી કરતા હતા તથા અરજદાર વિરૂધ્ધ ત્ઓ ચારિત્ર બાબતે ખોટાખોટા વહેમ રાખતા હતા અને જેના લીધે તેઓ અરજદારને ઘરથી બહાર જવા દેતા ન હતા તથા અરજદાર તેમના માતા પિતા સાથે ફોન ઉપર વાત કરે તો પણ તેઓની વિરૂધ્ધ ખોટા ખોટા આક્ષેપો કરતા હતા અને જણાવતા હતા તે તમો બીજા કોઈ જોડે ફોન ઉપર વાતો કરે છે અને તે બાબતે તેઓ અરજદારને મારઝુડ કરી તેમને તેમના પિયરમાં કાઢી મુકતા હતા. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, લગ્ન સમયે તેઓ કંપનીમાં નોકરી કરતા હતા. તેઓ જણાવે છે કે, હાલ તેઓ શો રૂમમાં નોકરી કરે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તા.૧૨–૫–૨૦૨૨ના રોજ તેઓ તથા તેમના કુટુંબીજનો દ્ધારા એકબીજાના મેળાપીપણું કરી અરજદારની ઉપર ખોટા વહેમ રાખી અરજદારને મારઝુડ કરી શારિરીક માનસિક ત્રાસ આપી તેઓને તેમના પિયર કાઢી મુકેલા અને તેઓએ જણાવેલ કે, અમારે છુટાછેડા લેવાના છે અને કાગળ તૈયાર કરી મોકલી આપીશું તેમ જણાવી ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલા. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, ઉપરોકત હકીકત અંગે તા.૨૭–૫–૨૦૨૨ના રોજ કઠલાલ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરીયાદ આપેલી તેની તેઓને જાણ છે અને તે અંગે તેમનો તથા તેમના માતા પિતાનો જવાબ લીધેલો તથા તે ફરીયાદના કામે અરજદારનું સ્ત્રીધન આપવાની શરતે સમાધાન કરેલું. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમ છતાં તેઓએ આજદિન સુધી અરજદારનું કોઈ સ્ત્રીધન અરજદારને પરત કરેલ નહીં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તા.૨૭–૫–૨૦૨૨ની અરજીના અનુસંધાને કરેલ સમાધાન મુજબ તેઓએ અરજદારનું સ્ત્રીધન પરત નહીં આપેલ હોવાથી અરજદારે તા.૪–૬–૨૦૨૫ના રોજ તેઓની વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશન નડીઆદ મુકામે અરજી કરેલી અને એ અરજીના કામે તમારો પોલીસ સ્ટેશને જવાબ લીધેલો. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક–૪૮ વાળા પોલીસ નિવેદનમાં જે હકીકત લખાવેલી છે તે સાચી અને ખરી છે. તેઓ એ

હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમના અને અરજદાર વચ્ચે કેસને લગતી કાર્યવાહી ચાલતી હોય તે દરમ્યાન પણ અરજદારને મારઝુડ કરેલી. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, અરજદારે તેમની વિરૂધ્ધ સને–૨૦૨૨માં હાલની અરજી કરેલી તથા ભરણપોષણ માટેની અરજી પણ સને–૨૦૨૨માં કરેલી. તેઓને એ વાતની ખબર નથી કે, અરજદાર વિરૂધ્ધ તેઓએ કઈ સાલમાં, કઈ તારીખે કેસ કરેલો. હવે જણાવે છે કે, સને–૨૦૨૨માં કેસ કરેલો, તારીખ યાદ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલના કામના અરજદાર સુરજબા આર્ટસ કોલેજ નડીઆદ ખાતે અભ્યાસ કરતા હતા. તેઓ એ હકીકતનો ઈન્સાર કરે છે કે, તા.૧૫–૪–૨૦૨૩ના રોજ આ કામના અરજદાર પરીક્ષા આપી બહાર નીકળતા હતા તે વખતે કોલેજ કમ્પાઉન્ડના ગેટ આગળ તેઓ તથા અરજદારના માતા પિતાનાઓએ અરજદાર સાથે મારઝુડ કરેલી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના અરજદારે તેમની તથા તેમના માતાપિતા તથા તેમના ભાઈ વિરૂધ્ધમાં તા.૧૫–૪–૨૦૨૩ના રોજ નડીઆદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી તથા આ ફરીયાદ અંગે નડીઆદ ચીફ કોર્ટમાં કેસ ચાલે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓએ અરજદારને તેડી જવા માટે આજદિન સુધી કોઈ પ્રયત્ન કરેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આ કામે મિલકત અને જવાબદારી અંગેનું સોગંદનામું રજુ કરેલ નથી. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, તેઓના નામે નડીઆદ મુકામે બે માળનું મકાન આવેલું છે તથા બીલોદરા મુકામે ૧૦ વીઘા જમીન આવેલી છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમના પિતા બીએસએનએલમાં નોકરી કરી આવક મેળવે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓએ આજદિન સુધી અરજદારના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કે છે કે, અરજદારને ભરણપોષણ ચુકવેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, અરજદાર તેમના પિતાને ઘરે ઓશિયાળું જીવન ગુજારે છે. સાહેદ જણાવે છે કે, અરજદાર ટયુશન કલાસીસ તથા બ્યુટીપાર્લર ચલાવે છે. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, આ કામના અરજદાર આવક મેળવતા હોય તે દર્શાવતો પુરાવો આ કામે રજુ રાખેલ નથી તથા તેઓ શરીરે સશકત અને તંદુરસ્ત છે તથા તેઓ

જાતે કમાઈ શકે છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ માસિક રૂપિયા ૨૫૦૦૦/– પગાર મેળવે છે. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, તેઓને અરજદાર સિવાય બીજા અન્ય કોઈની જવાબદારી નથી તતા અરજદારને રહેવા માટે મકાન કે મકાનના ભાડાના રકમની કોઈ વ્યવસ્થા તેઓએ કરેલ નથી તથા તેઓ તેમના પિતાનો સીધી લીટીનો કાયદેસરનો વારસદાર છે તથા તેમના પિતાની મિલકતમાં તેમનો કાયદેસરનો હક સમાયેલ છે. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આંક–૫૧ના મિલ્કત અને જવાબદારીના સોગંદનામામાં પેજ નં.૩ ઉપર આશ્રીતોના બાબતે જણાવેલી હકીકતો ખોટી છે. તેમજ પેજ નં.૮માં જણાવેલ જીવનસાથીની આવક ખોટી જણાવેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આશ્રીતો માટે જે ખર્ચ થાય છે તે અંગેનું કોઈ બીલ તથા જીવનસાથી આવક મેળવતા હોય તે અંગેનો આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી તથા આ આંક–૫૧ના મિલ્કત અને જવાબદારીના સોગંદનામામાં પેજ નં.૫ ઉપર સોગંદ ઉપર જાહેર કરનારની આવકની માહિતીના કોલમમાં નોકરીએ રાખનાર નિયોજકનું નામ જણાવેલ નથી. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, આ આંક–૫૧ના મિલ્કત અને જવાબદારીના સોગંદનામામાં પેજ નં.૫ ઉપર સોગંદ ઉપર જાહેર કરનારની આવક જાણી જોઈને ખોટી દર્શાવી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે તથા તેઓએ અરજીના સંદર્ભે જે જવાબ આપેલો છે તે તદ્દન ખોટી છે તથા અરજદાર તથા તેઓ વિરૂધ્ધ કોર્ટ કાર્યવાહીઓ ચાલુ હોવા છતાં અરજદારની સાથે મારઝુડ કરી, ઘરેલું હિંસા આચરી અરજદારની સાથે શારિરીક, માનસિક ત્રાસ આપી મારઝુડ કરી તેઓને તેમની મરજી વિરૂધ્ધ ઘરમાંથી કાઢી મુકેલ છે તથા અરજદારે તેમની અરજીમાં જણાવે તમામ હકીકત સાચી અને ખરી હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

આમ, અરજીમાં દર્શાવેલ હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. અરજદારની સામાવાળાના વિંદ્વાન વકીલશ્રી દ્વારા કરવામા આવેલ વિસ્તૃત ઉલટતપાસમાં પણ સામાવાળા, અરજદારે સરતપાસમાં જણાવેલ હકીકતોની વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને આમ, અરજદારના પુરાવાના આધારે રેકર્ડ ઉપર જણાઈ આવે છે કે, અરજદારને સામાવાળા તરફથી ત્રાસ આપવામાં આવે છે અને તે ત્રાસ સહન

ન થતા અરજદાર સામાવાળાથી અલગ રહે છે અને આમ, અરજદારને સામાવાળાથી અલગ રહેવા માટે વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવે છે.

વધુમાં આ કામના સામાવાળા દ્વારા કરવામાં આવેલ આક્ષેપોનો અરજદાર દ્વારા તેઓની સોગંદ ઉપરની જુબાનીનું ખંડન કરવામાં આવેલ છે. અરજદાર સામાવાળાના ઘરે હતી ત્યારે દરવાજો બંધ કરીને અજાણ્યા વ્યક્તિ સાથે વાતો કરતા પકડાઈ ગયેલ હોવાનો ઈન્કાર કરેલ છે, જયાં તે હકીકત પુરવાર કરવા સારૂ સામાવાળા દ્વારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. અરજદારે તેઓની જુબાનીમાં કરીયાવરમાં આપેલ સોના–ચાંદીના ઘરેણાઓનું બીલ રજુ કરવા રાજી હોવાનું જણાવેલ છે, પરંતુ કોઈ બીલ રજુ કરેલ નથી. વધુમાં અરજદાર ફેમીલી સ્યુટ નં.૧૨૯/૨૦૨૨ના કામે વચગાળાના ભરણપોષણ પેટે રૂા.૨૫૦૦/– નો હુકમ થયેલનું કબૂલ રાખેલ છે અને તે રકમ મળી ગયેલ હોવાનું પણ જણાવેલ છે. અરજદાર દ્વારા સામાવાળા માસિક રૂા.૨૫,૦૦૦/– મેળવતા હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ ન હોવાનું સ્વીકારેલ છે, તે ઉપરાંત સામાવાળા બે માળનું મકાન ધરાવે છે તથા ૧૦ વીઘા જમીન ધરાવે છે, તે મુજબનો પણ કોઈ પુરાવો રજુ રાખેલ ન હોવાનું સ્વીકારેલ છે. સામાવાળા વાર્ષિક રૂા.૮,૦૦,૦૦૦/– કમાય છે તેવો પણ કોઈ પુરાવો રજુ રાખેલ ન હોવાનું સ્વીકારેલ છે. તે ઉપરાંત અરજદારે માસિક ખર્ચનો હિસાબ રજુ કરેલ ન હોવાનું સ્વીકારેલ છે અને તેઓ સીવણ કલાસ કરીને માસિક કમાણી કરતા હોય તે વાત પણ નકારેલ છે. આમ, તે હકીકત પુરવાર કરવા સારૂ પણ સામાવાળા દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તે હકીકત તેઓએ કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ સ્વીકાર કરેલ છે.

સામાવાળા રેકર્ડમાં આવેલ પુરાવો ધ્યાને લેતાં, સામાવાળા અરજદાર દ્વારા કરવામાં આવેલ તમામ આક્ષેપોને નકારી કાઢેલ છે. સામાવાળા લગ્ન સમયે કંપનીમાં નોકરી કરતા હતા અને હાલ શોરૂમમાં નોકરી કરતા હોવાનું જણાવેલ છે. સામાવાળાઓએ અરજદારનું આજદિન સુધી સ્ત્રીધન પરત નહીં કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. સામાવાળાએ અરજદારને રહેવા માટે મકાન કે મકાનના ભાડાની કોઈ વ્યવસ્થા કરેલ નહીં હોવાનું પણ કબૂલ રાખેલ છે.

સામાવાળાએ અરજદાર સિવાય બીજા અન્ય કોઈની જવાબદારી નથી તે વાત કબૂલ રાખેલ છે તથા આશ્રીતો માટે જે ખર્ચ થાય છે તે અંગેનું કોઈ બીલ તથા જીવનસાથી આવક મેળવતા હોય તે અંગેનો આધાર પુરાવો રજુ રાખેલ ન હોવાનું જણાવે છે. અરજદાર સામાવાળાને હેરાન પરેશાન કરવાની ખોટી અરજી કરેલ હોવાની હકીકત જણાવે છે તેમજ સામાવાળાઓ કે તેઓના પરિવારના લોકોએ અરજદારને ત્રાસ આપેલ હોવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં સામાવાળાઓએ અરજદારનો કોઈ તીરસ્કાર કરેલ ન હોવાનું અને અરજદાર વિના કારણે સામાવાળાનું ઘર ત્યાગ કરી છોડી ગયેલ હોવાનું જણાવે છે, તે ઉપરાંત અરજદાર અન્ય બીજા કોઈ વ્યક્તિ સાથે ફોન ઉપર વાતો કરતા હોવાનું જણાવેલ છે, અરજદારની સાથે મારઝુડ કરી ઘરેલું હિંસા આચરી અરજદારની સાથે શારિરીક તથા માનસિક ત્રાસ આપી અરજદારને ઘરમાંથી કાઢી મુકેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે, પરંતુ સામાવાળાઓએ ઉપરોકત હકીકતને સંદર્ભે રેકર્ડ પર કોઈ પુરાવો લાવવામાં આવેલ નથી કે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી.

આમ, તેઓ બન્નેનો સમગ્ર પુરાવો જોતા તેઓએ અરજદારની અરજી તથા મૌખિક પુરાવાની વિરૂધ્ધ સાબિત કરી શકાય તેવો કોઈ પુરાવો આપેલ નથી અને તેઓએ ફક્ત અરજદારની અરજી તથા તેઓના મૌખિક પુરાવાઓની તમામ હકીકતોનો ઈન્કાર જ કરેલ છે, તે સિવાય અન્ય કરવામાં આવેલ આક્ષેપો તેઓ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

આ કામે બન્ને તરફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લઈએ તો બન્ને પક્ષે અરજદાર અને સામાવાળાના લગ્ન થયેલ હોવા અંગેની કોઈ તકરાર નથી. આ કામે અરજદારે તેમના પુરાવામાં સામાવાળા દ્વારા તેમના શારિરીક અને માનસિક ત્રાસ આપેલ હોવાનો આક્ષેપ કરેલ છે અને સામાવાળા તરફે આ તમામ આક્ષેપોને નકારી કાઢેલા છે અને બચાવમાં એવી તકરાર લીધેલ છે કે, અરજદારને શારિરીક હિંસા બાબતે કોઈ સારવાર લીધેલી નથી કે તે અંગેની કોઈ ફરીયાદ કરેલી નથી અને અરજદારે સામાવાળા વિરૂધ્ધ હાલની ખોટી ફરીયાદ કરેલી છે. આ કામે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ઘરેલું હિંસાથી સ્ત્રીઓના રક્ષણના કાયદાનો હેતુ સ્ત્રીઓને ઘરેલું હિંસાથી રક્ષણ આપવાનો છે અને તેમાં સ્ત્રીઓએ તેમના વિરૂધ્ધની હિંસા શંકાથી પર રહિત

સાબિત કરવાની હોતી નથી તથા ઘરેલું હિંસાથી સ્ત્રીઓના રક્ષણના કાયદામાં આપેલ કલમ–૩ ધ્યાને લેતા તેમાં અલગ અલગ પ્રકારની હિંસાઓ જણાવેલી છે, તેમાં શારિરીક, માનસિક તથા શાબ્દીક તથા ઈમોશનલ હિંસા તથા ઈકોનોમીકલ અબ્યુસનો સમાવેશ કરેલો છે.

આ કામે પ્રોટેકશન ઓફીસર દ્વારા રજુ થયેલ કૌટુંબિક હિંસા અંગેના આંક–૪ના રીપોર્ટ પરથી પણ આ કામના સામાવાળાઓ અરજદારને કરીયાવર બાબતે શારિરીક–માનસિક ત્રાસ આપતા હોવાનું સ્પષ્ટ થાય છે. વધુમાં આ કામે અરજદારની જુબાની પરથી તથા પ્રોટેકશન ઓફીસર દ્વારા રજુ થયેલ કૌટુંબિક હિંસા અંગેના રીપોર્ટ પરથી એ હકીકત પણ સાબિત થાય છે કે, અરજદારને સામાવાળાઓ દ્વારા કાઢી મુકવામાં આવેલ છે ત્યારથી, અરજદાર પોતાના પિતાને ત્યાં ઓશિયાળું જીવન વિતાવી રહ્યા છે અને અરજદાર જ્યારથી તેના માવતરે છે ત્યારથી આ કામના સામાવાળા નં.૧નાએ અરજદારના ભરણપોષણની કે અન્ય કોઈ જરૂરિયાતોની દરકાર પણ લીધેલ નથી. આમ, ઉપરોકત તમામ સંજોગો અનુસંધાને "કૌટુંબિક હિંસા" ના કાયદાની કલમ–૩માં આપવામાં આવેલ કૌટુંબિક હિંસાની વ્યાખ્યા જોવામાં આવે તો, તે મુજબ કોઈપણ વ્યક્તિ પ્રત્યે શારિરીક, જાતીય, મૌખિક કે તેની લાગણી સાથે દુર્વ્યવહાર કરવામાં આવે કે, તેની સાથે આર્થિક દુર્વ્યવહાર કરવામાં આવે તો, તે તમામનો કૌટુંબિક હિંસામાં સમાવેશ થાય છે. આમ, આ વ્યાખ્યા તથા રેકર્ડ ઉપરનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા આ કામના અરજદાર પ્રત્યે સામાવાળાઓએ શારિરીક, માનસિક અને આર્થિક દુર્વ્યવહાર આચરેલ હોવાનું તેમજ અરજદારની લાગણી સાથે પણ દુર્વ્યવહાર આચરેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થાય છે ત્યારે કૌટુંબિક હિંસાની વ્યાખ્યા તથા આ કાયદાનો આશય ધ્યાને લેતા, આ કાયદા મુજબ હાલની અરજીના નિકાલ વખતે કોર્ટે માત્ર આ કાયદામાં આપવામાં આવેલ કૌટુંબિક હિંસાની વ્યાખ્યા મુજબ, વ્યથિત પક્ષકાર પ્રત્યે કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે કે કેમ ? અને તે સંજોગોમાં કૌટુંબિક હિંસા અંગે માત્ર અરજદારની જુબાની અન્ય સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે પણ ધ્યાને લઈ શકાય તેમ છે. આમ, આ કામે અરજદારની જુબાની ધ્યાને લેતા તથા રેકર્ડ પરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એ હકીકત સાબિત થાય છે કે, આ કામના સામાવાળાઓએ

અરજદાર જ્યારે પોતાના સાસરે સામાવાળાઓ સાથે રહેલ તે સમય દરમિયાન અરજદાર પ્રત્યે કૌટુંબિક હિંસા આચરેલ છે. **તેથી મુદ્દા નં.૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૧૦.૧) <u>મુદ્દા નં.૨ તથા ૩ અંગેઃ–</u>

ઉપરોકત મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા મુજબ અરજદાર તેની અરજીમાં માંગ્યા મુજબની આ કાયદા તળેની દાદ સામાવાળાઓ સામે મેળવવા હક્કદાર છે કે કેમ ? તે અંગે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન "કૌટુંબિક હિંસા" ના કાયદાની વિવિધ જોગવાઈ ધ્યાને લઈ, કરવામાં આવે તો, અરજદારે તેની અરજીમાં આ કાયદની કલમ–૧૮ મુજબ રક્ષણનો હુકમ મેળવવાની દાદ માંગેલ છે, તે દાદ અંગે આ કાયદાની કલમ–૧૮ જોવામાં આવે તો જ્યારે, મેજીસ્ટ્રેટને વ્યથિત વ્યક્તિ સાથે કૌટુંબિક હિંસા થયેલ હોવાનું પ્રથમ દષ્ટિએ સંતોષ થાય તો, મેજીસ્ટ્રેટ કલમ–૧૮ મુજબ કૌટુંબિક હિંસા આચરનાર સામે કલમ–૧૮માં જણાવ્યા મુજબના પ્રતિબંધો ફરમાવી શકે છે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, આ કામે ઉપરોકત મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા અનુસાર જયારે આ કામના સામાવાળાઓએ અરજદાર પોતાની સાસરામાં રહેલ તે સમય દરમિયાન અરજદાર સાથે કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું રેકર્ડ પરથી સાબિત થતું હોય અને જયારેથી અરજદાર સાસરામાંથી પીયરમાં રહેવા ગયેલ હોય તે દરમિયાન સામાવાળાઓએ અરજદારની સાથે કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું રેકર્ડ પરથી ફલિત થતુ ન હોય તે સંજોગોમાં, અરજદાર આ કામના સામાવાળાઓ સામે આ કાયદાની કલમ–૧૮ મુજબ રક્ષણ (પ્રોટેકશન) નો હુકમ મેળવવા હક્કદાર હોવાનું માનવામાં આવતું નથી અને આ કામના સામાવાળાઓ સામે કેસના સંજોગો જોતા, આ કાયદાની કલમ–૧૮ મુજબ પ્રોટેકશન અંગેનો હુકમ કરવો જરૂરી જણાતો નથી. **તેથી મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

અરજદારે તેની અરજીમાં, આ કાયદાની કલમ–૧૯ મુજબ તેમને રહેઠાણનો હુકમ અપાવવા અને આ કામના સામાવાળા પોતાના રહેણાંકી મકાનમાં તેમને રહેવા માટેની વ્યવસ્થા કરી આપે વિકલ્પે, માસિક ભાડુ તેમને ચૂકવી આપે, તેવી દાદ માંગેલ છે. તે દાદ અંગે આ કાયદાની કલમ–૧૯ ધ્યાને લેતા આ કલમ મુજબ જયારે, મેજીસ્ટ્રેટને કલમ–૧૨(૧) ની

અરજીનો નિકાલ કરતી વેળાએ એવો સંતોષ થાય કે, અરજદાર સાથે કૌટુંબિક હિંસા બની છે તો મેજીસ્ટ્રેટ રહેઠાણનો હુકમ કરશે. આ કામના અરજદાર આ કાયદાની કલમ-૧૯ મુજબ તેમના પતિ સામે રહેઠાણનો હુકમ મેળવવા હક્કદાર હોવાનું જણાઈ આવે છે, પરંતુ આ કલમ અંગે અરજદાર દ્વારા હાલની અરજીમાં માંગવામાં આવેલ દાદ અરજદારને આપી શકાય કે કેમ ? તે અંગે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો, આ કામે રેકર્ડ પરથી એવી કોઈ હકીકત સાબિત થતી નથી કે, આ કામના સામાવાળાને પોતાનું કોઈ મકાન આવેલું હોય કે, સામાવાળાએ પોતે કોઈ ભાડાનું મકાન રાખેલુ હોય કે જેને આ કાયદાની કલમ-૧૭ તથા કલમ-૨(એસ) તથા **નામદાર સુપ્રિમ કોર્ટના એ.આઈ.આર. ૨૦૦૭ (એસ.સી), ૧૧૧૮, "એસ. આર. બત્રા વિ.શ્રીમતી તરૂણા બત્રા"** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ "ભાગે પડતુ ઘર" (Shared Household) ગણી શકાય. વધુમાં અરજદાર પોતાના પિયરમાં ઓશીયાળું જીવન જીવે છે જેથી અરજદાર સ્વમાનભેર જીવી શકે તે માટે અલગથી ભાડાનું મકાન રાખી શકે તેથી સામાવાળા નં.૧નાએ અરજદારને ભાડા પેટે અલગથી દર મહિને **રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)** ચુકવે તેવો હુકમ કરવો જરૂરી હોય તે અંગે આખરી હુકમમાં હુકમ કરવામાં આવે છે.**તેથી મુદ્દા નં.૩ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.**

**(૧૦.૨)** આ કામે અરજદારે તેમની અરજીમાં તથા જુબાનીમાં આ કાયદાની કલમ-૨૦ મુજબ નાણાંકિય રાહત અપાવવા રજુઆત કરેલ છે, તે અંગે અરજદારની જુબાની ધ્યાને લેતા, અરજદારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સામાવાળાએ ડીગ્રી એન્જીનીયરીંગનો અભ્યાસ કરેલ છે અને તેઓ અમદાવાદ મુકામે પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે અને માસિક રૂા.૨૫,૦૦૦/- પગાર મેળવે છે અને તેમજ તેઓને નડીઆદ મુકામે બે માળનું એક પાકું મકાન આવેલ છે તથા તેઓ બિલોદરા મુકામે દસ વીઘા ખેતીની પિયત જમીન ધરાવે છે અને તેમાં ત્રણ સીઝન પાક પકવી વાર્ષિક રૂા.૫,૦૦,૦૦૦/- કમાય છે. આ કામના સામાવાળા તેઓની ઉપરોકત આવકના તમામ સાધનોમાંથી વાર્ષિક રૂા.૮,૦૦,૦૦૦/- જેટલી આવક મેળવે છે તેમજ સામાવાળા તેમજ સામાવાળાના પિતા બી.એસ.એન.એલ.માં સરકારી નોકરી કરે છે અને તેઓનો માસિક રૂા.૭૦,૦૦૦/- જેટલો પગાર

મેળવે છે. આમ સામાવાળા સાધન સંપન્ને અને સુખી માણસો છે અને તેઓનું ભરણપોષણ કરવા હરેક રીતે સક્ષમ છે. સામાવાળાને તેઓ સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. આ કામે અરજદારે પોતે પણ સામાવાળાઓની માસિક આવક તેઓ જણાવે છે તે જ છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી, તે વાત તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં પણ સ્વીકારેલ છે. તે સંજોગોમાં આ કોર્ટને એબલ બોડીનો સિદ્ધાંત, લઘુત્તમ વેતનનો દર, હાલની મોંઘવારી તથા સામાવાળા નં.૧નો વ્યવસાય તથા કેસના સમગ્ર સંજોગો ધ્યાને લેતા આ કામના સામાવાળા નં.૧ રોજગારીના કમાવવાના સાધનો ધ્યાને તેમજ સામાવાળાએ તેઓના જવાબમાં જણાવેલ છે કે, તેઓ માસિક રૂપિયા ૧૦ હજાર કમાય છે તે અંગે સામાવાળાએ પણ તેઓની આવક અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. સામાવાળા શોરૂમમાં નોકરી કરતા હોવાનું સ્વીકારેલ છે, જેથી સામાવાળાએ તેમના જવાબમાં જણાવેલ માસિક આવક કરતા વધુ કમાતા હોવાનું અનુમાન કરવાનું ઉચિત જણાય છે. વધુમાં જયાં આ કામના સામાવાળા જ તેઓના જવાબમાં માસિક ૧૦ હજાર રૂપિયા કમાવતા હોવાનું કબૂલ રાખેલ છે અને શોરૂમમાં નોકરી કરતા હોવાનું જણાવેલ હોય જયાં આજના જમાનાની પરિસ્થિતીઓ ધ્યાને લેતા તેઓની માસિક આવક ૧૦ હજાર કરતા વધુ હોવાનું અત્રેની કોર્ટ દ્વારા માત્ર અનુમાન જ કરી શકાય છે. તેમજ રેકર્ડ ધ્યાને લેતા જયારથી અરજદાર તેના માવતરે છે ત્યારથી સામાવાળા નં.૧નાએ અરજદારની ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ હોય કે અરજદારને તેડવાના કોઈ પ્રયત્ન કરેલ હોય તેવી હકીકત જણાય આવતી નથી, ત્યારે અરજદારની અને તેના સંતાનની ભરણપોષણની, કપડા–લત્તા, દવા–દારૂ વિગેરેની તમામ જરૂરિયાતો ધ્યાને લેતા, સામાવાળા નં.૧ પાસેથી અરજદારને આ કાયદાની કલમ–૨૦ મુજબ ભરણપોષણ પેટે (નાણાકીય રાહત પેટે) મહિને **રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)** આપવાનું આ કોર્ટને ન્યાયોચિત જણાય છે અને તે રકમ ચૂકવવા સામાવાળા નં.૧ જવાબદાર અને સક્ષમ હોવાનું આ કોર્ટનું માનવું છે.**તેથી મુદ્દા નં.૪ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.**

વધુમાં, આ કામે રેકર્ડ પરથી જયારે, એ હકીકત પણ સાબિત થયેલ છે કે, આ કામના અરજદારે તેઓની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં સામાવાળા પાસેથી અન્ય કોર્ટના હુકમ મુજબ વચગાળાના ભરણપોષણની રક્મ મેળવેલ હોવાનું કબૂલ રાખેલ છે, જેથી તે હકીકત ધ્યાને લઈ સદર કામે ભરણપોષણનો હુકમ કરતા પહેલા અગાઉ ચુકવી આપેલ ભરણપોષણની રકમ મજરે આપ્યાની શરતે અરજદારને સદરહું ભરણપોષણની રકમ હાલની અરજીની તારીખથી અપાવવાનું પણ આ કોર્ટને ન્યાયોચિત જણાય છે.

**(૧૦.૩) <u>મુદ્દા નં.૫ અંગે ચર્ચા –</u>**

અરજદારની સોગંદ ઉપરની જુબાની જોતા આ કામના અરજદાર જયારે સામાવાળાઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહેતી હતી તે દરમિયાન સામાવાળાઓએ અરજદારની સાથે કૌટુંબિક હિંસા આચરેલ હોવાનું અને તેના કારણે અરજદારને માનસિક યાતના ભોગવવી પડેલ હોવાનું જણાય આવે છે. આમ, અરજદાર આ કાયદાની કલમ–૨૨ મુજબ વળતર મેળવવા હક્કદાર થતા હોય **મુદ્દા નં.૫ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવી આપવામાં આવે છે.**

**(૧૧)** વધુમાં આ કામે અરજદારે તેમની અરજીમાં સામાવાળાઓએ તેમના દાગીના તથા રોકડ રકમ લઈ લીધેલ હોય તે અંગે યોગ્ય હુકમ કરવા અને તેમનું કરીયાવર તથા દાગીના પરત અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. આ કામે અરજદારે રજુ કરેલા પુરાવાઓ ધ્યાને લઈએ તો અરજદારે તેમના લગ્નમાં શું દાગીના રાખેલા તથા સામાવાળા દ્વારા કેટલા વજનના તથા કેવા પ્રકારના દાગીના આપેલા તે અંગેનો કોઈ ચોક્કસ પુરાવો રજુ કરેલ નથી. અરજદારે તેઓના સોના–ચાંદીના ઘરેણાનું બીલ રજુ કરેલાનું સ્વીકારેલ છે, પરંતુ હાલના કામે રજુ કરેલ નથી. સામાવાળાઓએ પણ અરજદાર તરફે લગ્ન સમયે વાસણ કુષણ વસ્તુઓ આપવામાં આવેલાનું કબૂલ રાખેલ છે. વધુમાં સામાવાળાઓએ આજદિન સુધી અરજદારનું કોઈ સ્ત્રીધન પરત કરેલ નહીં હોવાનું નકારેલ છે. સામાવાળા આંક–૪૮ થી રજુ થયેલ પોલીસ નિવેદન ખરૂ હોવાનું કબૂલ રાખેલ છે, પરંતુ અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ સ્ત્રીધનની યાદી સાથે કોઈ પણ માન્ય દસ્તાવેજી પુરાવા કે બીલો રજુ કરવામાં આવેલા નથી. અરજદારના સ્ત્રીધનનો કબજો આ કામના સામાવાળાઓ પાસે છે તે સ્પષ્ટપણે ચોક્કસ રીતે વસ્તુઓ સાબિત કરવી

પડે. વધુમાં આ કામના અરજદાર દ્વારા અરજીના કામે કાગળ પર લખેલ સ્ત્રીધનની યાદી રજુ કરવામાં આવેલ છે, પરંતુ તે સાબિત કરવા માટે કોઈ પ્રાથમિક પુરાવા રજુ કરેલ નથી કે સામાવાળાઓએ તે યાદી મુજબનું જ સ્ત્રીધન સ્વીકારેલ હોય તે હકીકત પણ પુરવાર કરી શકેલ નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તે સ્ત્રીધન બાબતે અસ્પષ્ટ દસ્તાવેજોના આધારે તથા અચોક્કસ માહિતી રેકર્ડ પર આવેલ હોય જેથી સામાવાળાને કયુ સ્ત્રીધન પરત કરવાનો હુકમ કરવો તે નક્કી કરી શકાતુ ન હોઈ જેથી સ્ત્રીધન પરત કરવા બાબતેનો હુકમ કરવો યોગ્ય જણાતું નથી. આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચાઓ અનુસાર **મુદ્દા નં. ૬ અન્વયે આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.**

## <u>આખરી હુકમ</u>

**૧.** અરજદારની હાલની અરજી આથી "અંશતઃ મંજુર" કરવામાં આવે છે.

**૨.** આ કાયદાની કલમ–૧૯ અન્વયે અરજદારને ભાડા પેટે માસિક **રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** સામાવાળા નં.૧નાએ દર મહિને અલગથી આ હુકમની તારીખથી અલગથી ચુકવવા.

**૩.** આ કાયદાની કલમ–૨૦ અન્વયે આ કામના સામાવાળા નં.૧ને એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આ અરજીની તારીખથી અરજદારને ભરણપોષણ પેટે માસિક **રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)** હાલની અરજી દાખલ થયા તારીખથી ચડે–ચડયા દર માસે ચૂકવી આપવા.

**૪.** આ કામના સામાવાળાઓએ અરજદાર વિરૂધ્ધ માનસિક ત્રાસ અને કૌટુંબિક હિંસાથી ત્રાસ અને આઘાત પહોંચાડેલ હોય સામાવાળાઓએ અરજદારને વળતર **રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૫. આ કામના અરજદાર જો અન્ય કોઈ કાયદા હેઠળ ભરણપોષણ મેળવતા હોય તો તેટલી રકમ આ કામે ભરણપોષણની રકમમાંથી મજરે આપવાની રહેશે.**

**૬.** આ કામે અરજીના પક્ષકારોને આ કાયદાની કલમ–૨૪ અન્વયે, આ હુકમની નકલ વિનામૂલ્યે પૂરી પાડવી.

હુકમ આજરોજ તા.૧૨મી માહે માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ–કઠલાલ.
તા.૧૨–૦૩–૨૦૨૬

(આદિલખાન લિયાકતખાન પઠાણ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કઠલાલ.
જજ કોડ નં.જી.જે.૦૧૬૮૪

*HRB*